| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | | | |
| નોંધ્યા તારીખ | : | | | |
| ફેંસલ તારીખ | : | | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

**આંકઃ**

## આણંદના સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલતમાં, મુ.આણંદ.

**સેશન્સ કેસ નં.૫૪/૨૦૦૬**

**ફરિયાદીઃ** સરકારશ્રી

**વિ રૂ દ્ધ**

**આરોપીઃ** ભીખાભાઈ નાથાભાઈ વડેવા વાઘરી
બંને રહે.પરબી, હાલઃ સોખડા,
તા.ખંભાત, જિ.આણંદ.

**તહોમતઃ** ઈ.પી. કોડની કલમ– ૩૯૪, ૩૯૬,૩૯૭, ૩૯૮,૩૦૨ મુજબ.

**ફરિયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.એન.પટેલ.**
**આરોપી તરફે વિ. વકીલ શ્રી એમ.ડી.મકવાણા.**

## ॥ ચુ કા દો ॥

(૧) આ કામના આરોપી તથા અન્ય સહઆરોપીઓ વિરુદ્ધ ઈ.પી. કોડની કલમ– ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૦૨ મુજબના ગુનાનું તહોમત છે.

(૨) બનાવની ફરિયાદ દિનેશભાઈ દલસુખભાઈ ભોઈએ તા.૨૧–૫–૧૯૯૩ ના રોજ વિદ્યાનગર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર રૂબરૂ નોંધાવી છે જે આ કામે આંકઃ ૨૬ થી રજૂ છે જેની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૦–૫–૧૯૯૩ ના રોજ રાતના જમી પરવારી રાતના બાર વાગ્યે

સુઈ ગયેલા અને ઘરના માણસો બહાર ઉંઘી ગયેલા અને નોકર ભીખાભાઈ અંદર સુઈ ગયેલ હતા ત્યારે અઢીથી ત્રણના સુમારે દસેક જેટલા માણસો મોંઢા રૂમાલથી બાંધેલા તથા હાથમાં લાકડીઓ, ચપ્પુ તથા ધારીયું લઈ આવેલા અને ચારેક જણા ચડ્ડીમાં અને બાકીના લુંગીમાં હતા તેમાંના એકે ફરિયાદીને ઉઠાડી રહેલ કે, 'તું બોલતો નહીં' ત્યાર પછી કમલેશભાઈને ઉઠાડી ગોદડીથી બાંધી દીધેલ. ત્યાર પછી ફરિયાદીને બાંધી દીધેલ તે દરમ્યાન ફરિયાદીના બાપુ તથા મા જસોદાબેન તથા નાનો ભાઈ જગદીશ જાગી ગયેલા અને બાપુએ બૂમો પાડવાનું ચાલું કરતાં તેમને આ લોકો મારવા લાગેલા જેથી કમલેશ છોડાવવા જતાં તેને તથા તેમના બાપુને આ બધા માણસો લાકડીઓ ધારીયાથી મારવા ફરી વળેલા. ફરિયાદીના ભાઈ પાસે આ લોકોએ બંગલાની ચાવી માંગેલી જેથી ફરિયાદીના ભાઈએ તેમને જણાવેલ કે 'અંદર જે સુઈ ગયા છે તેમની જોડે ચાવી છે' જેથી તેઓએ ફરિયાદીને કહેલ કે, 'તું મકાન ખોલાવ' જેથી ફરિયાદીએ ના પાડતાં ફરિયાદીને જમણા ગાલ ઉપર લાકડી ઉભી મારેલ અને ફરિયાદીના નાના ભાઈને પણ બાંધી દીધેલ અને ફરિયાદીની માને પણ તેઓ મારવા લાગેલા. ત્યાર પછી ફરિયાદીને લાકડી મારતાં ફરિયાદી ગભરાઈ ગયેલા જેથી ફરિયાદીએ તેમના મકાન માલિકના નોકર ભીખાભાઈ જે અંદર સુતા હતા તેમને મકાન ખોલવા જણાવેલું તો ભીખાએ ફરિયાદીને જણાવેલ કે, કોણ છે, તો ફરિયાદીએ 'હું એકલો છું' એવું જણાવેલ જેથી ભીખાએ ધીરે રહીને બારણું થોડુંક ખોલેલું તો તેમાં તેણે વધારે માણસો બહાર જોતાં બારણું બંધ કરી દીધેલું જેથી આ માણસોએ કુંડીનું ઢાંકણું જે સિમેન્ટનું

હતું તે બારણા ઉપર બે-ત્રણવાર પછાડેલું, પરંતુ બારણું ખુલેલું નહીં અને ભીખાએ ઘરમાંથી બાકરોલ ફોન કરતો હતો, તે આવેલા માણસોએ કાચમાંથી જોતાં તેઓ ફરિયાદીને ગોદડું મોંઢે વીંટાળી દઈ ભાગી ગયેલા. ત્યારબાદ દસેક મિનિટ બાદ બાકરોલથી ગાડીઓ લઈને સાધનો સાથે ચાર-પાંચ માણસો આવેલા જેમાં પ્રફુલભાઈ તથા બીજાઓ હતા અને પંચાયતમાંથી દવાખાનાની ગાડી બોલાવી ફરિયાદી તથા બધાને દવાખાને લઈ ગયેલા અને પોલીસ સ્ટેશને ફોનથી જાણ કરવાનું જણાવતાં હતા. ત્યાર પછી ફરિયાદીના બાપુ દવાખાનામાં લાવ્યા પછી ગુજરી ગયેલા જેથી કાયદેસર થવા ફરિયાદ છે તેવી હકીકત જાહેર કરતાં પોલીસ સબ ઈન્સ્પેકટરે તે ફરિયાદ નોંધી લીધેલી અને તે અનુસંધાને વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજીસ્ટ્રેશન નં.૧૨૦/૧૯૯૩ અન્વયેનો ગુનો નોંધાયેલો.

(૩) તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ સંભાળી લાગતા વળગતા શાહેદોના નિવેદનો નોંધી, પંચનામા કરી, જરૂરી તપાસ કરી તપાસના અંતે આરોપી નં.(૧) કનુભાઈ નાથાભાઈ વડેવા વાઘરી તથા નં. (૨) ભીખાભાઈ નાથાભાઈ વડેવા વાઘરી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતાં આણંદના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ઈ.પી.કોડની કલમ- ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૦૨ મુજબનું ચાર્જશીટ રજૂ કરેલું અને તેનો ક્રિમિનલ કેસ નં.૩૭૦૦/૧૯૯૬ નોંધાયેલો. ત્યારબાદ આક્ષેપિત ગુનો સેશન્સ ટ્રાયેબલ હોવાથી આણંદના જોઈન્ટ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ તા.૨-૯-૧૯૯૮ ના રોજ હુકમ કરીને તે કેસ સેશન્સ કોર્ટ, નડિયાદ તરફ કમિટ કરેલો અને તે

અંગેનો નડિયાદ સેશન્સ કોર્ટમાં સેશન્સ કેસ નં.૮/૧૯૯૯ થી નોંધાયેલ. ત્યારબાદ તા.૧૯–૩–૨૦૦૬ થી આણંદ જિલ્લો અસ્તિત્વમાં આવતાં અને સદર ગુનો આણંદ જિલ્લાની હકૂમતનો હોઈ ખેડા જિલ્લા સેશન્સ અદાલત તરફથી અત્રેની આણંદ જિલ્લાની સેશન્સ જજની અદાલત તરફ તબદીલ કરવામાં આવેલો અને આણંદ જિલ્લામાં તેનો નવો નંબર સેશન્સ કેસ નં.૫૪/૨૦૦૬ થી નોંધાયેલો અને ત્યારબાદ સદર કેસ ગુણદોષ ઉપર નિકાલ કરવા માટે ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

(૪) આ કામે સદર કેસ તા.૩૦–૧૨–૨૦૧૦ ના રોજ આણંદના સેકન્ડ એડિશનલ સેશન્સ જજ દ્વારા એ.પી.પી.શ્રીની આંકઃ ૮ ની ડોરમેન્ટ ફાઈલ મુકવા માટેની અરજી મંજૂર રાખી સદર આરોપીઓ સામેનો કેસ ડોરમેન્ટ ફાઈલે મુકવાનો અને આરોપીઓ વિરૂદ્ધ પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવેલો. ત્યારબાદ આરોપી નં.૨ ભીખાભાઈ નાથાભાઈ વેડવા વાઘરીને પકડ વોરંટથી હાજર કરવામાં આવેલા જ્યારે આરોપી નં.૧ કનુભાઈ નાથાભાઈ વેડવા વાઘરીને ઘણા લાંબા સમયથી પકડ વોરંટની બજવણી થયેલ નહીં જેથી એ.પી.પી. શ્રી તરફની આંકઃ ૨૦ ની અરજી રજૂ કરી આરોપી નં.૨ પુરતું કેસનું ચાર્જશીટ અલગ કરવા અરજ કરેલી જે અત્રેની અદાલત દ્વારા તા.૨૧–૧૦–૨૦૧૯ ના રોજના આંકઃ ૧ નીચેના હુકમથી ન્યાયના હિતમાં મંજૂર રાખવામાં આવેલ અને આરોપી નં.૧ વિરૂદ્ધનું ચાર્જશીટ અલગ કરવા અને હાલના આરોપી ભીખાભાઈ નાથાભાઈ વેડવા વાઘરી વિરૂદ્ધની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ છે અને તે મુજબ હાલના આરોપી પુરતી ઈન્સાફી

કાર્યવાહી હાથ ધરાયેલી છે.

(૫) હાલના આરોપી જામીન ઉપર હોઈ તેમના વકીલ મારફતે હાજર રહેલા છે અને તેઓની હાજરીમાં ઈન્સાફી કાર્યવાહી હાથ ધરાયેલી છે.

(૬) આરોપીને તેમની વિરૂદ્ધના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી આરોપી વિરૂદ્ધ આંકઃ ૨૧ થી ઈ.પી.કોડની કલમ- ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૦૨ અન્વયેનું તહોમતનામું ફરમાવી, સદર તહોમતનામું આરોપીને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવેલ અને આંકઃ ૨૨ થી આરોપીનું નિવેદન નોંધતાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરીને કેસ ગુણદોષ આધારે આગળ ચલાવવા માટે રજૂઆત કરેલ છે.

(૭) આ કામે ફરિયાદપક્ષ દ્વારા પોતાના કેસના સમર્થનમાં નિચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

## -:: મૌખિક પુરાવો ::-

| શાહેદ નંબર | શાહેદનું નામ | | આંક |
|---|---|---|---|
| ૧ | મહેમુદબેગ ઉસ્માબેગ મિરઝા | તપાસ કરનાર અધિકારી | ૫૪ |

## -:: દસ્તાવેજી પુરાવો ::-

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ | ૨૬ |
| (૨) | ઈન્કવેસ્ટ પંચનામું | ૨૭ |
| (૩) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૮ |
| (૪) | એફ.એસ.એલ. અધિકારીએ કબજે કરેલ મુદ્દામાલનું પંચનામું | ૨૯ |
| (૫) | મરણજનારની લાશ ઉપરથી કબજે લીધેલ કપડાનું પંચનામું | ૩૦ |
| (૬) | આરોપી રાજુભાઈ હેમાભાઈ વેડવાએ રજૂ કરેલ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૩૧ |

| | | |
|---|---|---|
| (૭) | આરોપી મેઘુભાઈ અમરાભાઈ ઉર્ફે કાંતિભાઈ દ્વારા બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૨ |
| (૮) | આરોપી ખેમાભાઈ લાખાભાઈ વેડવા દ્વારા બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૩ |
| (૯) | આરોપી શનુભાઈ હેમાભાઈ વેડવા દ્વારા બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૪ |
| (૧૦) | આરોપી કાળુભાઈ મોહનભાઈ વાઘરી દ્વારા બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૫ |
| (૧૧) | આરોપી મફતભાઈ મોહનભાઈ વાઘરી દ્વારા બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૬ |
| (૧૨) | આરોપી સોમાભાઈ ટપુભાઈ વેડવા દ્વારા બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૭ |
| (૧૩) | કમલેશભાઈ દલસુખભાઈ ભોઈનું મેડીકોલીગલ સર્ટીફીકેટ | ૩૮ |
| (૧૪) | દિનેશકુમાર દલસુખભાઈ ભોઈનું મેડીકોલીગલ સર્ટીફીકેટ | ૩૯ |
| (૧૫) | જસોદાબેન દલસુખભાઈ ભોઈનું મેડીકોલીગલ સર્ટીફીકેટ | ૪૦ |
| (૧૬) | આરોપી ભીખાભાઈ નાથાભાઈ વેડવા દ્વારા બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૪૧ |
| (૧૭) | એફ.એસ.એલ. ની મુદ્દામાલ સ્વીકાર્યાની પાવતી | ૪૨ |
| (૧૮) | એફ.એસ.એલ. નો અહેવાલ | ૪૩ |
| (૧૯) | એફ.એસ.એલ. નો સીરોલોજીકલ અહેવાલ | ૪૪ |
| (૨૦) | સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના કામે થયેલ શાહેદ નં.૩ દિનેશભાઈ દલસુખભાઈ ભોઈની જુબાની | ૪૫ |
| (૨૧) | સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના કામે થયેલ શાહેદ નં.૪ જસોદાબેન દલસુખભાઈ ભોઈની જુબાની | ૪૬ |
| (૨૨) | સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના કામે થયેલ શાહેદ નં.૫ કમલેશભાઈ દલસુખભાઈ ભોઈની જુબાની | ૪૭ |
| (૨૩) | સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના કામે થયેલ શાહેદ નં.૬ ભીખુભાઈ નાનજીભાઈ પ્રજાપતિની જુબાની | ૪૮ |

| | | |
|---|---|---|
| (૨૪) | સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના કામે થયેલ શાહેદ નં.૭ નરેન્દ્રકુમાર શાંતિલાલ ત્રિવેદીની જુબાની | ૪૯ |
| (૨૫) | સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના કામે થયેલ શાહેદ નં.૮ બચુભાઈ કાશીભાઈ દલવાડીની જુબાની | ૫૦ |
| (૨૬) | સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના કામે થયેલ શાહેદ નં.૯ ભીખાભાઈ શીવાભાઈ પટેલની જુબાની | ૫૧ |
| (૨૭) | સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના કામે થયેલ શાહેદ નં.૧૦ કિશનભાઈ છોટાભાઈ સોનીની જુબાની | ૫૨ |
| (૨૮) | સેશન્સ કેસ નં.૬૦/૨૦૦૪ ના કામે થયેલ શાહેદ નં.૧ બિહારીભાઈ ચુનીભાઈની જુબાની | ૫૩ |

(૮) ઉપરોક્ત સાક્ષીઓનો પુરાવો રજૂ થયા બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી તરફથી આંકઃ ૫૫ થી પુરાવા બંધની પુરસીસ રજૂ થયેલ છે

(૯) ત્યારબાદ આરોપીનો ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ મુજબ વિશેષ જવાબ નોંધવામાં આવેલો જેમાં આરોપીએ ફરિયાદપક્ષના તેમની વિરૂદ્ધના તમામ પુરાવાને નકારેલ છે અને તેઓએ સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના શાહેદ તપાસવા નથી તેમ જણાવેલું છે.

(૧૦) આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી એમ.એન. પટેલને તથા આરોપી તરફે વિ.વકીલ શ્રી એમ.ડી. મકવાણાને સાંભળ્યા.

(૧૧) ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં સદરહુ કેસના નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, હાલના આરોપીએ અન્ય નાસતા ફરતા આરોપી તથા અગાઉ પકડાયેલ અન્ય આરોપીઓ સાથે મળી તા.૨૧–૫–૧૯૯૩ ના રોજ રાત્રીના કલાક ૨–૩૦ થી ૩–૦૦ દરમ્યાન વિદ્યાનગર, બાકરોલ રોડ ઉપર આવેલ દ્વારકેશ બંગલાની સાઈડ રૂમમાં રહેતા ફરિયાદી તથા શાહેદોને બાંધી દઈ જીવલેણ હથિયારો વડે માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી, દલસુખભાઈ

મંગળભાઈનું મોત નિપજાવી, સાપરાધ મનુષ્યવધ કરી, ખૂન કરી તેમજ જસોદાબેનને માર મારી ઈજાઓ કરી તેણીએ કાને પહેરેલ સોનાની બુટીયો જોડ–૧ કીંમત રૂ.૧૫૦૦/– ની કાઢી લઈ લૂંટ કરી, ધાડ પાડી, નાસી જઈ ઈ.પી. કોડની કલમ– ૩૯૪, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૦૨ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૧૨) આ કામે રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા પુરાવા તથા શાહેદોના પુરાવાનું મૂલ્યાંકન, પક્ષકારોના વિદ્ધાન વકીલશ્રીઓએ કરેલી દલીલોના સંદર્ભે કરતાં, ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નિચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) આખરી હુકમ મુજબ.

## –: નિર્ણયના કારણો :–

(૧૩) આ કામમાં અગાઉ આ ગુનાના અન્ય કેટલાક આરોપીઓ વિરૂદ્ધ ઈન્સાફી કાર્યવાહી ચાલી ગયેલ છે અને સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના કામે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલા છે તેમજ જે તે વખતે હાલના આરોપી તથા અન્ય આરોપી નાસતા ફરતા હોઈ તેઓ વિરૂદ્ધની ઈન્સાફી કાર્યવાહી બાકી છે તેમજ હાલના કામે પણ આરોપી કનુભાઈ નાથાભાઈ વેડવા વાઘરી લાંબા સમય સુધી મળી ન આવતા તેઓ વિરૂદ્ધ અલગ ચાર્જશીટ કરવાનો હુકમ કરવામાં આવેલો છે અને આ કામે માત્ર હાલના આરોપી પુરતી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને આ અંગે આ કામે ફરિયાદપક્ષે તપાસ કરનાર અધિકારી શાહેદ નં.૧ મહેમુદબેગ ઉસ્માનબેગ મિરઝાને આંકઃ ૫૪ થી તપાસેલા છે તેમજ અગાઉ સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ તથા સેશન્સ કેસ નં.૬૦/૨૦૦૪ ના કામે રજૂ થયેલ જુબાનીઓની નકલો તથા રજૂ થયેલા દસ્તાવેજી

પુરાવાની નકલો આ કામે રજૂ કરી તેની ઉપર આધાર રાખેલ છે અને આમ આ તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને લેતાં આ કામે માત્ર હાલના આરોપી પુરતા તેમના વિરૂદ્ધના ગુનાની હકીકતના પુરાવાને ધ્યાને લેવાના રહે છે.

**<u>મુદા નં.૧ :-</u>**

(૧૪) આ કામે ફરિયાદપક્ષ દ્ધારા આ કામના હાલના આરોપી વિરૂદ્ધના તહોમતની હકીકત પુરવાર કરવા માટે આ કામે ફરિયાદપક્ષ દ્ધારા સૌ પ્રથમ ગુનાની તપાસ કરનાર અને અગાઉ પકડાયેલ આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરનાર શાહેદ નં.૧ મહેમુદબેગ ઉસ્માબેગ મિરઝાને આંકઃ ૫૪ થી તપાસેલા છે. આ શાહેદે તેમની ફરજના ભાગરૂપે તપાસની જે કાર્યવાહી કરેલી તે અંગેનો પુરાવો આવેલ છે અને બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં તેમની સરતપાસની હકીકતને વળગી રહેલ છે, પરંતુ એવી હકીકત કબુલ રાખેલ છે કે, આરોપી ભીખાભાઈ નાથાભાઈને તેઓએ અટક કરેલા નહીં અને અન્ય આરોપીની કબુલાતના આધારે ભીખાભાઈ નાથાભાઈનું નામ ખુલેલું તેમજ હાલના આરોપી પાસેથી કોઈ મુદ્ધામાલ મળી આવેલ નથી. આમ આ શાહેદના પુરાવાને ધ્યાને લેતાં, હાલના આરોપીની કોઈ ઓળખપરેડ કરવામાં આવેલ હોય કે હાલના આરોપીને અન્ય કોઈ શાહેદે ઓળખી બતાવેલા હોય તેવી કોઈ હકીકત ફલિત થતી નથી. માત્ર અન્ય આરોપીની કબુલાતના આધારે હાલના આરોપીનું નામ ખુલેલું છે અને હાલના આરોપી પાસેથી કોઈ મુદ્ધામાલ પણ મળી આવેલ નથી ત્યારે હાલના આરોપીએ સદર ગુનામાં કોઈ ભાગ ભજવ્યો હોય કે તેઓની આ ગુનામાં કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ સંડોવણી

હોય તેવી કોઈ હકીકતને આ શાહેદના પુરાવાથી નિઃશંકપણે સમર્થન મળતું નથી. આ કામે આ શાહેદ સિવાય અન્ય કોઈ શાહેદને તપાસેલા નથી.

(૧૫) આ કામે ફરિયાદપક્ષે આ ગુનાના અન્ય સહઆરોપીઓ વિરૂદ્ધ અગાઉ ઈન્સાફી કાર્યવાહી ચાલી ગયેલ તે સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ તથા સેશન્સ કેસ નં.૬૦/૨૦૦૪ ના કામે થયેલ ફરિયાદી તથા શાહેદોની જુબાનીઓની નકલો તથા તે કામે રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા આ કામે રજૂ કરી તેની ઉપર આધાર રાખેલ છે. ફરિયાદપક્ષે સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના કામે તપાસેલા શાહેદ નં.૩ થી ૧૦ ની જુબાનીઓ આંકઃ ૪૫ થી ૫૨ અન્વયે રજૂ કરેલ છે તેમજ સેશન્સ કેસ નં.૬૦/૨૦૦૪ ના કામે તપાસેલા શાહેદ નં.૧ ની જુબાની આંકઃ ૫૩ થી રજૂ કરેલ છે. આ શાહેદો પૈકી ફરિયાદી દિનેશભાઈ દલસુખભાઈની જુબાની આંકઃ ૪૫ થી તથા શાહેદ જસોદાબેન દલસુખભાઈની જુબાની આંકઃ ૪૬ થી, શાહેદ કમલેશભાઈ દલસુખભાઈની જુબાની આંકઃ ૪૭ થી, સાહેદ ભીખુભાઈ નાનજીભાઈની જુબાની આંકઃ ૪૮ થી રજૂ થયેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આ તમામ શાહેદો બનાવ વખતે હાજર હતા અને તેમની હાજરીમાં બનાવ બનેલો. આ ફરિયાદી તથા શાહેદોના સરતપાસના પુરાવાને ધ્યાને લેતાં આ કામે આંકઃ ૨૬ થી રજૂ ફરિયાદ મુજબનો લૂંટ, ધાડની કોશિશનો બનાવ બન્યાનું અને તેમાં તેઓને ઈજા થતા સારવાર લીધાનો અને ફરિયાદીના પિતા દવાખાનામાં ગુજરી ગયાનો બનાવ બન્યાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો આપેલ છે, પરંતુ બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં ફરિયાદી તથા શાહેદ

જસોદાબેને બનાવના દિવસે આવેલા માણસો મોંઢા ઉપર રૂમાલ બાંધીને આવેલા હતા એવું જણાવેલ છે તેમજ ફરિયાદીએ જે લોકો આવેલા તેઓના કપડાનું વર્ણન લખાવેલ બીજા કોઈ વર્ણન લખાવેલ નથી એવું જણાવેલ છે તેમજ શાહેદ જસોદાબેને ઉલટ તપાસના પુરાવામાં તેઓના બંને જવાબમાં તેઓએ તે આવનાર માણસોના વર્ણન આપેલા નહીં કારણ કે બનાવ વખતે તેઓ તેઓને ઓળખી શકેલા નહીં એવું જણાવેલું છે તેમજ તેઓ ત્યાં ગયા તે જ વખતે તેમના માથામાં ફટકો મારેલો તેથી તેઓ બેભાન થઈ ગયેલા જેથી કોણે કોને શું મારેલું તે તેઓ જોઈ શકેલા નહીં અને તે વખતે આવનાર માણસો દસ–બાર જણા કોણ હતા તે તેઓ જોઈ શકેલા નહીં એવું જણાવેલ છે. શાહેદ કમલેશભાઈએ અમુક માણસોએ મોંઢા ઉપર રૂમાલ બાંધેલા હતા તેવું જણાવેલ છે, પરંતુ મામલતદાર રૂબરૂ તેઓને ઓળખવિધિ માટે બોલાવેલા નહીં એવું પણ જણાવેલ છે તેમજ આ શાહેદે તેમના પોલીસ જવાબમાં લૂંટ કરવા આવનારના વર્ણન તેઓએ પહેરેલ કપડા સિવાય જણાવેલ નથી અને આરોપીઓને આજે પહેલી વખત ઓળખી બતાવે છે તેવું કબુલ રાખેલ છે. જયારે શાહેદ ભીખુભાઈ નાનજીભાઈએ ઉલટ તપાસમાં તેઓ મકાનની અંદર હોવાથી આવવાવાળા માણસોને તેઓએ ઓળખેલા નહીં અને આવનાર માણસોને તેઓએ જોયેલા તે બુકાની બાંધેલી હતી તેથી તેમને તેઓ ઓળખી શકે નહીં એવું જણાવેલ છે. આંકઃ ૪૯ થી ઓળખપરેડ કરનાર એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ નરેન્દ્રકુમાર શાંતિલાલ ત્રિવેદીનો પુરાવો તથા આંકઃ ૫૦ થી ઓળખપરેડના પંચનામાના પંચ બચુભાઈ કાશીભાઈ દલવાડીનો પુરાવો રજૂ થયેલ છે. આ બંને શાહેદોના

પુરાવાને ધ્યાને લેતાં તા.૨-૪-૧૯૯૪ ના રોજ અગાઉ પકડાયેલ આરોપીઓની ઓળખપરેડની કાર્યવાહી થયાનો પુરાવો આપેલ છે, પરંતુ તે ઓળખપરેડમાં હાલના આરોપીની ઓળખપરેડ થયેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન મળતું નથી. આ કામના હાલના આરોપી બનાવ વખતે હાજર હોય કે તેઓની ઓળખ થયેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજૂ થયેલ નથી. આમ આ તમામ શાહેદોના પુરાવાને ધ્યાને લેતાં ફરિયાદપક્ષના કેસ મુજબના બનાવમાં હાલના આરોપીની હાજરી હોય કે હાલના આરોપીએ ગુનાહિત કૃત્યમાં કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગ ભજવ્યો હોય તેવી કોઈ હકીકતને આ શાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી અને આ શાહેદોના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં હાલના આરોપી વિરૂદ્ધના ગુનાની કોઈ હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી.

(૧૬) આ કામે આંકઃ ૪૬ તથા ૪૬ થી રજૂ ફરિયાદી તથા શાહેદ જસોદાબેનના સરતપાસના પુરાવામાં આરોપીઓ જસોદાબેનની કાનની કડીઓ કાઢી લઈ ગયેલા એવું જણાવેલ છે, પરંતુ આંકઃ ૨૬ થી રજૂ ફરિયાદમાં ફરિયાદીએ આવી કોઈ હકીકત જણાવેલ નથી અને આવેલ અજાણ્યા માણસો કોઈ પણ ચીજ-વસ્તુ લીધા વગર ભાગી ગયેલા એવું જણાવેલ છે. ફરિયાદીએ તેમની ઉલટ તપાસના પુરાવામાં પણ આવનાર માણસો તેમના ઘરમાંથી કે બંગલામાંથી કોઈ ચીજ-વસ્તુ લઈ ગયેલા નથી એવું જણાવેલ છે. શાહેદ જસોદાબેનના ઉલટ તપાસના પુરાવા મુજબ પોલીસે તેમનો બીજો જવાબ નવેક મહિના પછી લીધેલા અને તેમનો બીજો જવાબ થયો ત્યાં સુધી તેમના કાનની કડીઓ જતી રહેલી તેની તેમને જાણ ન હતી. આ હકીકત પણ બનાવ વખતે આ શાહેદની કડીઓ કાઢી

લઈ જવામાં આવી હોય તેવી હકીકતમાં શંકા ઉત્પન્ન કરે છે.

(૧૭) આ કામે આંકઃ ૨૮ થી અગાઉ સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના રોજ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ રજૂ થયેલ છે અને આંકઃ ૫૧ થી અગાઉ સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના રોજ થયેલ શાહેદ ભીખાભાઈ શીવાભાઈ પટેલની જુબાની રજૂ થયેલ છે અને તેઓએ પંચનામાની હકીકતને સમર્થનકર્તા પુરાવો આપેલ છે, તેમજ સેશન્સ કેસ નં.૬૦/૨૦૦૪ ના કામે આ પંચનામાના બીજા પંચ બિહારીભાઈ ચુનીભાઈને તપાસેલા તે પુરાવો આ કામે આંકઃ ૫૩ થી રજૂ થયેલ છે, પરંતુ આ પંચનામા વખતે કોઈ ચીજ–વસ્તુ કબજે કરવામાં આવેલ નથી કે આ પંચનામાથી કે પંચોના પુરાવાથી હાલના આરોપી વિરૂદ્ધના ગુનાની કોઈ હકીકતને નિઃશંકપણે સમર્થન મળે તેવો કોઈ પુરાવો ફલિત થતો નથી.

(૧૮) આ કામે આંકઃ ૫૨ થી સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ના કામે તપાસેલા શાહેદ કિશનભાઈ છોટાભાઈ સોનીનો પુરાવો રજૂ કરેલ છે. આ શાહેદના પુરાવા મુજબ પોલીસે તેમની પાસેથી ૪.૫૦૦ ગ્રામ સોનાની રણી કબજે લીધેલી, પરંતું તેઓએ આરોપી પાસેથી કોઈ સોનાની કડીઓ વેચાતી લીધેલી ન હતી અને આરોપીને ઓળખતા પણ નહોતા. પોલીસના ડરથી રણી રજૂ કરેલી. આ શાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની ફરિયાદપક્ષ તરફેની ઉલટ તપાસમાં પણ તેઓએ આરોપી વિરૂદ્ધના ગુનાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી. આમ આ શાહેદના પુરાવાથી પણ ફરિયાદપક્ષના કેસ મુજબની હાલના આરોપી વિરૂદ્ધના ગુનાની કોઈ હકીકતને સમર્થન મળતું નથી.

(૧૯) ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ વખતે આરોપીઓએ ફરિયાદી તથા શાહેદોને માર મારેલ અને તે અંગેની તેઓએ સારવાર લીધેલી અને આરોપીઓના મારના કારણે ફરિયાદીના પિતા દલસુખભાઈ સારવાર દરમ્યાન મૃત્યુ પામેલા અને તે રીતે આરોપીઓએ બનાવ વખતે ફરિયાદી તથા શાહેદોને સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડેલી તેમજ ફરિયાદીના પિતાને સ્વેચ્છાપૂર્વક જીવલેણ ઈજાઓ કરી મોત નિપજાવી સાપરાધ મનુષ્યવધનો ગુનો કરેલ છે, પરંતુ ફરિયાદીએ આ કામે આંકઃ ૨૬ થી રજૂ ફરિયાદ કે જે બનાવના દિવસે જ આપવામાં આવેલ છે તેમાં ફરિયાદીએ અજાણ્યા માણસોએ જીવલેણ હુમલો કરેલો અને તેમના બાપુ દલસુખભાઈનું મોત નિપજાવેલું એવું જણાવેલ છે તેમજ આ કામે આંકઃ ૨૭ થી રજૂ લાશ ઉપરનું ઈન્કવેસ્ટ પંચનામું પણ તે જ દિવસે થયેલ છે, પરંતુ ખૂદ ફરિયાદીએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં તેમને દવાખાને લઈ ગયા ત્યારે તેમના બાપુજીને પણ દવાખાને લઈ ગયેલા અને તેઓએ ફરિયાદમાં સહી કરી ત્યારે તેમના બાપુ જીવે છે કે મરી ગયા છે તેની તેમને ખબર ન હતી અને દસ– પંદર દિવસ પછી તેમના બાપુ ગુજરી ગયાની તેમને ખબર પડેલી એવું જણાવેલ છે, આમ ફરિયાદી તથા મરણજનારના દિકરા જેવા મહત્વના શાહેદે આ બાબતે વિરોધાભાસી પુરાવો આપેલ છે. ફરિયાદીના માતા શાહેદ જસોદાબેનના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં તેઓએ પણ કોઈને તેમના પતિને મારતા જોયા હોય તેવી નિઃશંક હકીકત જણાવતા નથી આ હકીકતો પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉપજાવનારી છે. આ કામે મરણજનારનો કોઈ પોસ્ટમોર્ટમ રિપોર્ટ રજૂ થયેલ નથી કે મરણજનારનું સારવારનું કે કોઝ

ઑફ ડેથનું સર્ટીફીકેટ રજૂ નથી ત્યારે આરોપીઓ પૈકી કોઈએ માર મારેલ હોય અને તેના કારણે મરણજનારનું મૃત્યુ થયું હોય તેવી કોઈ હકીકત આ કામે નિઃશંકપણે પુરવાર થતી નથી તેમજ આ બનાવમાં હાલના આરોપીએ કોઈ ભાગ ભજવ્યો હોય તેવું પણ પુરવાર થતું નથી ત્યારે મરણજનારનું મૃત્યુના બનાવમાં હાલના આરોપીની કોઈ સંડોવણી હોય તેવી હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી તથા ઈ.પી. કોડની કલમ–૩૦૨ મુજબના ગુનાના આવશ્યક તત્વો નિઃશંકપણે પુરવાર થતા નથી તેમજ ફરિયાદી તથા શાહેદ કમલેશભાઈ કે જસોદાબેનને બનાવમાં જે ઈજાઓ થયેલી તે પણ હાલના આરોપીએ કરેલ હોય કે તે બનાવમાં હાલના આરોપીએ કોઈ ભાગ ભજવ્યો હોય કે કોઈ ગુનાહિત કૃત્ય કર્યું હોય તેવી હકીકતને સમર્થન મળતું નથી. આ તમામ હકીકતોને ધ્યાને લેતાં પણ હાલના આરોપી વિરૂદ્ધના ગુનાની કોઈ હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી.

(૨૦) આ કામે આંકઃ ૪૧ થી હાલના આરોપીએ શોધી બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે, પરંતુ ડીસ્કવરીનો પુરાવો એ નબળો પુરાવો છે. માત્ર તેના ઉપર આધાર રાખી આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. માત્ર આરોપી તરફથી કોઈ વસ્તુની ડીસ્કવરી કે રીકવરી થઈ હોય તે સ્વયંભુ આરોપીએ જ ગુનો કરેલ છે તેવું અનુમાન કરવા માટે પર્યાપ્ત નથી. આ કામના આરોપીએ જ ફરિયાદપક્ષના કેસ મુજબનું ગુનાહિત કૃત્ય કર્યું હોય તેવી હકીકતને આ કામે નિઃશંકપણે સમર્થન મળતુ નથી ત્યારે આ પુરાવો પણ ફરિયાદપક્ષની હાલના આરોપી વિરૂદ્ધના ગુનાની હકીકતને નિઃશંકપણે પુરવાર કરવામાં મદદરૂપ બનતો નથી.

(૨૧) આમ, આ કામે રજૂ થયેલ રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં, આ કામે માત્ર અગાઉ ગુનાની તપાસ કરેલ તે તપાસ કરનાર અધિકારીને તપાસેલા છે તેઓના પુરાવાથી હાલના આરોપી વિરૂદ્ધના ગુનાની કોઈ હકીકત પુરવાર થતી નથી. આ સિવાય અન્ય કોઈ શાહેદને આ કામે તપાસેલા નથી. ફરિયાદપક્ષે આ ગુના સંબંધેના અગાઉ ચાલી ગયેલા સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ તથા ૬૦/૨૦૦૪ ના કામે થયેલ સોગંદ ઉપરના પુરાવા તથા દસ્તાવેજી પુરાવા આ કામે રજૂ કરેલા છે જે પૈકીના ફરિયાદી તથા બનાવના નજરેજોનાર તથા ઈજા પામનાર અને બનાવમાં ભોગ બનનાર જેવા મહત્વના શાહેદોના પુરાવાને ધ્યાને લેતાં તેમાંથી ફરિયાદપક્ષના કેસ મુજબની હાલના આરોપી વિરૂદ્ધના ગુનાની કોઈ હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. હાલના આરોપીને કોઈ શાહેદોએ ઓળખી બતાવેલા નથી કે તેઓની કોઈ ઓળખપરેડ થયેલ નથી કે તેમની પાસેથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. માત્ર અન્ય આરોપીની કબુલાતના આધારે તેઓને આ કામે આરોપી તરીકે દર્શાવેલા છે તેવું ખૂદ તપાસ કરનાર અધિકારીએ કબુલ રાખેલ છે. ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ શાહેદોના પુરાવાથી હાલના આરોપી વિરૂદ્ધના ગુનાની કોઈ હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી. અગાઉના કેસમાં કિશનભાઈ છોટાભાઈ સોનીને તપાસેલા છે તેઓના પુરાવાથી પણ ફરિયાદપક્ષની હાલના આરોપી વિરૂદ્ધના ગુનાની કોઈ હકીકતને સમર્થન મળતું નથી અને તે ફરી ગયેલા જાહેર થયેલા છે. આ કામે કોઈ તબીબ શાહેદનો પુરાવો રજૂ નથી કે મરણજરનાનું કોઈ પોસ્ટમોર્ટમ રિપોર્ટ રજૂ નથી. ફરિયાદપક્ષના કેસ મુજબના બનાવમાં હાલના આરોપીની

સંડોવણી હોય કે હાલના આરોપીએ બનાવમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ ગુનાહિત કૃત્ય કરવામાં ભાગ ભજવ્યો હોય તેવી કોઈ હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. વળી ફરિયાદપક્ષે આ કામે આ ગુનાના અન્ય સહઆરોપીઓ વિરૂદ્ધના સેશન્સ કેસ નં.૮૨/૧૯૯૫ ની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન રજૂ થયેલા પુરાવા જે આ કામે રજૂ કરેલા છે તે તમામ પુરાવાને ધ્યાને લઈ અગાઉ જે તે અદાલત દ્વારા અન્ય સહઆરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલા છે અને આ કામે પણ હાલના આરોપી વિરૂદ્ધના ગુનાની કોઈ હકીકતો સદર પુરાવામાંથી નિઃશંકપણે પુરવાર થતી નથી. આમ, આ કામે ફરિયાદપક્ષ તરફે રજૂ રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં આ કામના હાલના આરોપીએ અન્ય નાસતા ફરતા આરોપી તથા અગાઉ પકડાયેલ અન્ય આરોપીઓ સાથે મળી તા.૨૧-૫-૧૯૯૩ ના રોજ રાત્રીના કલાક ૨-૩૦ થી ૩-૦૦ દરમ્યાન વિદ્યાનગર, બાકરોલ રોડ ઉપર આવેલ દ્વારકેશ બંગલાની સાઈડ રૂમમાં રહેતા ફરિયાદી તથા શાહેદોને બાંધી દઈ જીવલેણ હથિયારો વડે માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હોય કે દલસુખભાઈ મંગળભાઈનું મોત નિપજાવી, સાપરાધ મનુષ્યવધ કરી, ખૂન કરેલ હોય કે શાહેદ જસોદાબેનને માર મારી ઈજાઓ કરી તેણીએ કાને પહેરેલ સોનાની બુટીયો જોડ-૧ કીંમત રૂ.૧૫૦૦/- ની કાઢી લઈ લૂંટ કરી, ધાડ પાડી નાસી ગયા હોય તેવું નિઃશંકપણે પુરવાર થતું નથી અને આમ, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે અને સચોટપણે પુરવાર કરવાનો હોય છે, પરંતુ આ કામે ફરિયાદપક્ષે રજૂ થયેલા તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને સમગ્ર રીતે લક્ષમાં લેતાં, ફરિયાદપક્ષે આ કામના

હાલના આરોપી વિરૂદ્ધના તહોમતનામામાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ નથી અને તેથી ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધ ઈ.પી. કોડની કલમ– ૩૯૪, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૦૨ મુજબનો કોઈ પણ ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અંગે નિચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>॥ હુ ક મ ॥</u>**

(૧) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૨૩૫ (૧) મુજબ આ કામના આરોપી ભીખાભાઈ નાથાભાઈ વડેવા વાઘરીને ઈ.પી.કો. કલમ– ૩૯૪, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૦૨ મુજબનો સજાનેપાત્ર ગુનો કર્યાના તહોમત સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમિનલ પ્રોસીજર કોડની નવી સુધારેલી કલમ– ૪૩૭ (એ) ની જોગવાઈઓ અને શરતો મુજબ આરોપીએ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર) નો જાતમુચરકો તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહીનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ચાર્જશીટના કોલમ નં.૧ માં દર્શાવેલ આરોપી નં.૧ કનુભાઈ નાથાભાઈ વેડવા વાઘરી મળી આવેથી અને તેઓ વિરૂદ્ધ પુરવણી ચાર્જશીટ થયેથી તેમની વિરૂદ્ધ કેસ ચલાવવો.

(૫) આ કામે કોઈ મુદ્દામાલ રજૂ ન હોઈ મુદ્દામાલ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમ આજરોજ તારીખઃ૨૨ માહેઃ જાન્યુઆરી સનેઃ ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

આણંદ.

તારીખઃ ૨૨–૦૧–૨૦૨૦.

**( આર.એમ. સરીન )**
સત્ર ન્યાયાધીશ
**આણંદ.**
**(કોડ નં.જી.જે.૦૦૦૯૯)**